# ગુજરાત સાયન્સ સિટી ખાતે મિશન ચંદ્ર સ્પર્ધા યોજાઈ

ગાંધીનગર, તા. ૧૯

ગુજરાત સરકારના વિજ્ઞાન અને ટેક્નોલોજી વિભાગ હેઠળ કાર્યરત ગુજરાત સાયન્સ સિટી ખાતે મિશન ચંદ્ર સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું. ચંદ્ર હંમેશા આપણી કલ્પનાઓમાં અને આપણા દિવસોમાં વિશેષ સ્થાન ધરાવે છે. પુરાણો, લોકકથાઓથી લઈને સાહિત્યિક રચનાઓ અને ખગોળ વિજ્ઞાનમાં પણ ચંદ્ર હંમેશા આપના જીવનનો મહત્વનો ભાગ રહ્યો છે. પરંતુ દૂરથી ચમકતા ચંદ્ર પર શું છે? અને ત્યાં કેવી સ્થિતિ છે તેના અંગે સચોટ માહિતી હજુ સુધી કોઈને મળી શકી નથી. ત્યારે આ માહિતી એકત્ર કરવા માટે ઈસરો દ્વારા તા.૧૪ જુલાઈએ ચંદ્રયાન-૩નું લોન્ચિંગ કરવામાં આવ્યું હતું. અને ભારતનુ ગૈરવ ચંદ્રયાન-૩નું લેન્ડર હવે ચંદ્રની સપાટી પર સોફ્ટ લેન્ડ થવા જઈ રહ્યું છે. જેને લઈને ઈસરો, કન્ટ્રોલર ઓફ કોમ્યુનિકેશન એકાઉન્ટ્સ - ગુજરાત, ગુજકોસ્ટ અને ગુજરાત સાયન્સ સિટીના સંયુક્ત ઉપક્રમે મિશન ચન્દ્ર સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું. જેમાં સમગ્ર ગુજરાતમાંથી જુદી જુદી એન્જિનિયરિંગ કોલેજના ખગોળશાસ્ત્રમાં રસ ધરાવતા વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. જુદી જુદી કોલેજોના વિદ્યાર્થીઓએ પોતાની જાતે બનાવેલા ચંદ્રયાન-૩ના લેન્ડર અને રોવરના ડિજિટલ મોડેલ નિષ્ણાતો સમક્ષ રજૂ કર્યા હતા.ગુજરાત સાયન્સ સિટીના ઓડિટોરિયમ ખાતે યોજાયેલી આ સ્પર્ધાનું પરિણામ તા. ૨૨ ઓગસ્ટના દિવસે રજૂ કરાશે. જેમાં વિજેતા થનાર વિદ્યાર્થીઓને ૧ લાખ રૂપિયા સુધીના પુરસ્કાર આપવામાં આવશે. આ ઉપરાંત તેમને અમદાવાદના ઈસરો કેન્દ્રમાં ઈન્ટર્નશિપની તક પણ આપવામાં આવશે.




# વાનગીઓ તળવા એકના એક તેલનો વારંવાર ઉપયોગ કરતા વેપારીઓની તપાસ કરાશે

**નાગરિક પુરવઠા, ગ્રાહક સુરક્ષા સલાહકાર સમિતિ અને જિલ્લા તકેદારી સમિતિની બેઠકમાં જિલ્લા કલેક્ટરનો આદેશ**

**જિલ્લામાં જુલાઇ માસમાં ૯૯.૭૫ ટકા એન.એફ. એસ.એ. રેશનકાર્ડધારકોના આધારસીડીંગની કામગીરી પૂર્ણ**

ગાંધીનગર: તા. ૧૯

ગાંધીનગર જિલ્લા નાગરિક પુરવઠા, ગ્રાહક સુરક્ષા સલાહકાર સમિતિ અને જિલ્લા તકેદારી સમિતિની બેઠક જિલ્લા કલેક્ટર હિતેષ કોયાના અધ્યક્ષ સ્થાને યોજાઈ હતી. આ બેઠકમાં જિલ્લા કલેકટર હિતેષ કોયાએ વિવિધ ફરસાણના વેપારીઓ દ્વારા વાનગી તળાઈ ગયા બાદ ખરાબ થયેલ તેલનો ઉપયોગ કરતાં હોય છે, તેવા વેપારીઓની તપાસ કરવા માટે સંબંધિત અધિકારીને ખાસ સૂચના આપી હતી તેમજ પેટ્રોલ પંપ ખાતે ઓછું પ્રેટ્રોલ-ડિઝલ આપવા બાબતે કોઈ છેતરપીંડી ન થાય તેની તકેદારી રાખવા માટે પણ સૂચના આપી હતી.

આ બેઠકમાં જિલ્લા પુરવઠા અધિકારી શ્વેતા પંડયાએ માહિતી આપતાં જણાવ્યું હતું કે, ગાંધીનગર જિલ્લામાં જુલાઈ માસમાં ૧,૬૮,૧૪૭ રેશનકાર્ડ ધારકો પૈકી ૧,૬૧,૨૬૧ રેશનકાર્ડ ધારકોને આવશ્યક ચીજવસ્તુઓનું વિતરણ કરવામાં આવ્યું હતું તેમજ જિલ્લામાં જુલાઈ માસમાં ૯૯.૭૫ ટકા એન.એફ.એસ.એ. રેશનકાર્ડધારકોના આધારસીડીંગની કામગીરી કરવામાં આવી છે. આધારસીડીંગની કામગીરી કલોલ તાલુકામાં ૯૯.૫૮ ટકા, ગાંધીનગર તાલુકામાં ૯૯.૨૦ ટકા, ગાંધીનગર ઝોનલમાં ૯૮.૭૬ ટકા, દહેગામ તાલુકામાં ૯૯.૯૪ અને માણસામાં ૯૮.૮૬ ટકા કરવામાં આવી છે. જિલ્લામાં રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો- ૨૦૧૩ હેઠળ અગ્રતા ધરાવતા કુટુંબોની યાદીમાં સમાવેશ કરવા માટેની કુલ- ૮૭૭ અરજીઓ આવી હતી. જેમાંથી ૬૭૯ અરજીઓનો જુલાઈ માસમાં નિકાલ કરવામાં આવ્યો છે.

જિલ્લા પુરવઠા અધિકારીશ્રીએ કલેકટરને માહિતી આપતાં ઉમેર્યું હતું કે, નાગરિકોને આવશ્યક ચીજ વસ્તુઓનો પુરવઠો સરળતાથી મળી રહે, સંગ્રહખોરી, નફાખોરી કે કાળા બજાર થાય નહિ તે માટે જિલ્લા તપાસણી એકમ દ્વારા સતત ચાપતી નજર રાખવામાં આવે છે. જુલાઈ- ૨૦૨૩માં ૯૩ વાજબી ભાવની દુકાનની તપાસ કરવામાં આવી હતી. તેની સાથે બે ગોડાઉન, ૧ પ્રેટ્રોલ પંપની તપાસ કરવામાં આવી હતી. તેમજ રાંધણગેસનો અનઅધિકૃત રીતે ઉપયોગ કરતા વ્યક્તિઓની તપાસ કરીને ૭ ગેસની બોટલ જપ્ત કરવામાં આવી હતી. જિલ્લામાં બે વાજબી ભાવની દુકાનો દ્વારા કરવામાં આવેલી ગેરરિતી અન્વયે કુલ- ત્રણ લાખથી વધુનો દંડ વસૂલ કરવામાં આવ્યો છે. એક વાજબી ભાવની દુકાનનો પરવાનો મોકુફ કરવામાં આવ્યો છે.

ખોરાક અને ઔષધ નિયમન તંત્રની કામગીરી અંતર્ગત ફુડ સેફટી ઓફિસર દ્વારા જુલાઈ- ૨૦૨૩માં કુલ- ૪૩ તપાસ હાથ ધરવામાં આવી હતી તેમજ ૧૯ નમુના લેવામાં આવ્યા હતા. ૧૭૨નું જુલાઈ માસમાં રજીસ્ટ્રેશન કરવામાં આવ્યું છે. ૨૧ નમૂનાની તપાસ કરવામાં આવી છે. આ બેઠકમાં તમામ તાલુકાના મામલતદારો સહિત સંબંધિત અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતાં.

# શ્રીમતી આર.એન પટેલ પ્રાથમિક શાળામાં વાંચનસ્પર્ધા યોજાઈ

ગાંધીનગર, તા. ૧૯

૧૯/૦૮/૨૦૨૩ ને શનિવારના દિવસે કડી સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રીમતી આર.એન પટેલ પ્રાથમિક શાળામાં ધોરણ ૧ અને ૨ ના વિદ્યાર્થીઓ માટે વાંચનસ્પર્ધા યોજાઈ હતી. બધા જ વિદ્યાર્થીઓને વાંચવાની તક આપવામાં આવી હતી.નાના-નાના બાળકો સરસ મજાનું વાંચન કરતા હતા. જેમાં પ્રથમ નંબર-રિઝા સાવનભાઈ રબારી, બીજો નંબર-વિજય દશરથભાઈ દેસાઈ અને ત્રીજો નંબર- કેવિશ અલ્પેશભાઈ ગોહિલ નો આવ્યો હતો. વિજેતા વિદ્યાર્થીઓને શાળાના આચાર્યશ્રી દશરથભાઈ સાહેબ દ્વારા બાળકોને ઈનામ આપીને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.વાંચન સ્પર્ધા દરમિયાન જે વિદ્યાર્થીને વાંચનમાં જ્યાં જ્યાં ભૂલ જણાઈ તેની નોંધ કરવામાં આવી હતી. સ્પર્ધા પૂર્ણ થયા પછી તેને શાળાના શિક્ષક સાહિલભાઈ દ્વારા સુધારવામાં આવી હતી.આ સ્પર્ધાનું આયોજન શાળાના શિક્ષકશ્રી સાહિલભાઈ દ્વારા કરવામાં આવ્યું.




# સે. ૨૬માં ભવનાથ મંદિર પાસે મહિલાઓને અંધારપટના કારણે ભારે પરેશાની

**પ્રકાશ વિદ્યાલય પાસે સ્ટ્રીટ લાઈટનો થાંભલો ઘણાં સમયથી બંધ હોવાને કારણે હાલાકી**

ગાંધીનગર, તા. ૧૯

ગાંધીનગરના સેક્ટર ૨૬માં જે પ્રકાશ વિદ્યાલય પાસેના ભવનાથ મહાદેવ મંદિર નજીકનો સ્ટ્રીટ લાઈટનો થાંભલો ઘણાં સમયથી બંધ હોવાને કારણે મંદિર પાસે રાત્રિના સમયે અંધારપટ છવાયેલો રહે છે. અત્યારે ચાલી રહેલા પવિત્ર શ્રાવણ માસમાં રાત્રિના સમયે ભજન કીર્તન કરવા એકઠી થતી શ્રદ્ધાળુ મહિલાઓને અંધારપટના કારણે ભારે પરેશાનીનો સામનો કરવો પડી રહ્યો છે.

સેકટર ૨૬માં જે પ્રકાશ વિદ્યાલય પાસે ભવનાથ મહાદેવનું મંદિર આવેલું છે જ્યાં નિયમિત પૂજા આરતી અર્ચન સાથે શ્રાવણ માસમાં વિશેષ ધાર્મિક સત્સંગ યોજાતા હોય છે.

આ મંદિરની બાજુમાં વીજ થાંભલા નંબર ૨૬૦૯૩ની સ્ટ્રીટ લાઈટ ઘણા સમયથી બંધ હોવાને કારણે રાત્રિના સમયે મંદિર પાસે અંધારપટ છવાયેલો રહે છે. ભવનાથ મંદિરના પૂજારી સુરેશભાઈ ત્રિવેદીના જણાવ્યાં અનુસાર "સેક્ટર ૨૬માં ગટર લાઈન નાખવાના કામ દરમિયાન વાયર કપાઈ જવાને કારણે આ થાંભલો છેલ્લા છ માસથી બંધ હાલતમાં છે.

આ સમસ્યા અંગે તેમના દ્વારા અવારનવાર ટોરેન્ટ પાવરની સેક્ટર ૧૬ ખાતેની કચેરીએ રજૂઆતો કરવામાં આવી ચૂકી છે. અત્યારે પવિત્ર શ્રાવણમાં ચાલુ હોવાથી રાત્રિના સમયે સેક્ટરની શ્રદ્ધાળુ મહિલાઓ ભજન કીર્તન માટે એકત્ર થાય છે

જેમને આ બીજ થાંભલા પર લાઈટ બંધ હોવાને કારણે છવાયેલા અંધારપટથી ભારે પરેશાનીનો સામનો કરવો પડે છે. આ સ્થળે કોઈ અનિચ્છનીય બનાવ બને તે પહેલા સ્ટ્રીટ લાઈટને ચાલુ કરવામાં આવે તે અત્યંત જરૂરી બન્યું છે. "



આજે ૧૯/૮/૨૦૨૩ના રોજ શ્રી જે. એમ. ચૌધરી સાર્વજનિક કન્યા વિદ્યાલય ગ્રાન્ટેડ વિભાગમાં અંકિતભાઈ જેસર જે એક કોલેજ સ્ટુડન્ટ્સ છે અને સાઈબર સિક્યુરિટી સાથે જોડાયેલા છે તેમના દ્વારા ધોરણ ૯ થી ૧૨ ની વિદ્યાર્થીનીઓને cyber security awareness, Hacking, Artificial intelligence,How to be secure on intern[a] વિષય પર ખૂબ જ અગત્યની માહિતી આપવામાં આવી. શાળાના ઈન્ચાર્જ આચાર્ય શ્રી હસમુખભાઈ ચૌધરી ના માર્ગદર્શન હેઠળ આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું.

# ફેકલ્ટી ઓફ એજ્યુકેશનમાં NEP-૨૦૨૦ અંતર્ગત એક્સપર્ટ સેશન યોજાયું



ગાંધીનગર, તા. ૧૯

કડી સર્વ વિશ્વવિદ્યાલય સંલગ્ન ફેકલ્ટી ઓફ એજ્યુકેશન સેક્ટર-૨૩ની એસ. એસ. પટેલ કોલેજ ઓફ એજ્યુકેશન અને આર. એચ. પટેલ ઈંગ્લીશ મીડિયમ બી.એડ.કોલેજમાં ફેકલ્ટી ઓફ એજ્યુકેશનના ડીન પ્રો.વીણાબેન પટેલના માર્ગદર્શન હેઠળ ટીચર એજ્યુકેશન ઈન NEP-2020 વિશે એક્સપર્ટ સેશનનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં એક્સપર્ટ તરીકે ઉપસ્થિત રહેલા ડૉ.મહેશભાઈ દિક્ષિતે નેશનલ એજ્યુકેશન પોલીસી અંતર્ગત NEP-2020 પોલીસીનું લક્ષ્ય,એજ્યુકેશનની વર્તમાન પરિસ્થિતિ અને નેશનલ એજ્યુકેશન પોલીસીનું વિઝન,ઈન્ડિયન નોલેજ સિસ્ટમ,શિક્ષણની ગુણવત્તા,પેડાગોજી ઓફ ટીચીંગ લર્નિંગ તેમજ એક વર્ષ,બે વર્ષ અને ચાર વર્ષના ઈન્ટીગ્રેટેડ બી.એડ.કોર્ષ વિશેની માહિતી આપી હતી.આ કાર્યક્રમમાં પ્રા.શ્રી નરેન્દ્રભાઈ નાયી, ડૉ.માર્ગીબેન પંચોલી અને ડૉ.નંદકિશોર પીપલકર ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમનું આયોજન ડૉ.વિભાબેન દ્વિવેદીએ કર્યું હતું.

# સંસ્કાર ગૃપ દ્વારા ૧૫મી ઓગષ્ટની ઉજવણીના ભાગરૂપે કાર્યક્રમ યોજાયો



ગાંધીનગર, તા. ૧૯

સંસ્કાર ગૃપ દ્વારા ૧૫મી ઓગષ્ટની ઉજવણીના ભાગરૂપે બાળકોએ સ્વહસ્તે દોરેલ દેશભક્તિનું ચિત્ર એકબીજાને આપલે કરેલ. ‘હર ઘર તિરંગા’ આઝાદીના અમૃત મહોત્સવના ભાગરૂપે ‘મારી માટી, મારો દેશ’, ‘માટીને નમન, વિરોને વંદન’ કાર્યક્રમ નિમિત્તે બાળકોએ માતૃભૂમિ પ્રત્યે લાગણી અને પ્રેમ અદા કર્યો. બાળકોએ દેશભક્તિ ગીતો ગાઈને વાતાવરણ દેશભક્તિમય બનાવ્યુ. અંતમાં રાષ્ટ્રગાન ગાઈને કાર્યક્રમ પૂર્ણ કર્યો.

# સરકારી લેણાંઓની વસુલાત ઝડપથી અને સમયમર્યાદામાં કરવા આદેશ

**કલેક્ટરના અધ્યક્ષ પદે જિલ્લા સંકલન અને ફરિયાદ સમિતીની બેઠક જિલ્લા યોજાઇ**




ગાંધીનગર : તા. ૧૯

ગાંધીનગર જિલ્લા સંકલન અને ફરિયાદ સમિતીની બેઠક આજરોજ જિલ્લા કલેકટર હિતેષ કોયાના અધ્યક્ષ સ્થાને મળી હતી. આ બેઠકમાં હિતેષ કોયાએ સરકારી લેણાંઓની વસુલાત ઝડપથી અને સમયમર્યાદામાં કરવા માટે સંબંધિત અધિકારીઓને ખાસ સૂચના આપી હતી તેમજ વિવિધ સરકારી કચેરીઓની કેટલી વસૂલાત કરવાની બાકી છે, તેની માહિતી મેળવી સંબંધિત અધિકારીઓને આ લેણાની વસૂલાત કરવા માટે કરેલ કાર્યવાહી અંગેની માહિતી મેળવી હતી. આ બેઠકમાં પડતર—તુમારોના નિકાલ, પેન્શન કેસો, કર્મચારીઓની ખાતાકીય તપાસના કેસો, તાબા હેઠળની નીચલી કચેરીની તપાસ બાબત, તકેદારી આયોગથી મળેલ પત્રોના નિકાલ જેવી અનેક વહીવટી બાબતોની સમીક્ષા કરવામાં આવી હતી.આ બેઠકમાં કલેકટરે સાસંદઓ અને ધારાસભ્યોને માહિતી ઝડપી આપવા પણ અધિકારીઓને જણાવ્યું હતું. તેની સાથે માહિતી અધિકાર કાયદા હેઠળ કોઇ નાગરિકે માહિતી માંગી હોય તો તે પણ સમયમર્યાદામાં આપવા પણ જણાવ્યું હતું. આ બેઠકમાં મહાનગરપાલિકાના મેયર હિતેષ મકવાણા, જિલ્લા વિકાસ અધિકારી ડૉ સુરભિ ગૌત્તમ, અધિક નિવાસી કલેકટર ભરત જોષી, જિલ્લા ગ્રામ વિકાસ નિયામક બી.કે.પટેલ સહિત જિલ્લાની તમામ કચેરીઓના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.



આઝાદીના અમૃત મહોત્સવની ઉજવણીના ભાગરૂપે વડાપ્રધાને કરેલા ‘મારી માટી, મારો દેશ’ અભિયાન અંતર્ગત ગાંધીનગર મહાનગર પાલિકા દ્વારા બાઈક રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સાથે મનપાના દક્ષિણ ઝોનમાં વોર્ડ નં. ૧૦માં સેક્ટર-૧ના તળાવ ખાતે વિવિધ કાર્યક્રમો યોજાયાં હતા.

# મધ્યસ્થ ગ્રંથાલય ખાતે વીરોની વીરાંજલી વિષયક પુસ્તક પ્રદર્શન



ગાંધીનગર, તા. ૧૯

રાજ્ય મધ્યસ્થ ગ્રંથાલય ગાંધીનગર ખાતે ૭૫મી આઝાદીના અમૃત મહોત્સવ પર્વની ઉજવણીના ભાગરૂપે મેરી માટી મેરા દેશ માટીને નમન વીરોને વંદન વીરોની વીરાંજલી વિષયક પુસ્તક પ્રદર્શન યોજાયું. આ કાર્યકમનું ઉધ્ધાટન ગ્રંથાલયના વિધાર્થીઓ અને વિધાર્થીનીઓ દ્વારા ખુલ્લું મુકવામાં આવેલ હતું. આ પ્રસંગે ગ્રંથાલયનો તમામ સ્ટાફ હાજર રહેલ અને ગ્રંથાલયના વિધાર્થીઓ અને વિધાર્થીનીઓએ મોટી સંખ્યામાં હાજર રહી વીરોની વીરાંજલી વિષયક પુસ્તકોનું પ્રદર્શન નિહારેળ હતું.



સે-૫ માં ડેપ્યુટી મેયર પ્રેમલસિંહ ગોલના જાહેર સન્માન તેમજ આભાર માટે એક કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ તબક્કે મોટી સંખ્યામાં સેકટરવાસીઓ તેમજ સ્થાનિક અગ્રણીઓ હાજર રહ્યા હતા

સંયુક્ત કર્મચારી મોરચાના મહામંત્રી કિરીટસિંહ ચાવડા તથા તલાટી મંડળના આગેવાન તેમજ રાજ્ય સંઘના કાર્યાધ્યક્ષ મીઠાભાઈ પટેલ, ગાંધીનગર જિલ્લા સંઘના પ્રમુખ ધર્મેન્દ્રસિંહ ચૌહાણ તથા રાજ્ય મહિલા પ્રતિનિધિ નેહાબેન રાઠોડ તથા જિલ્લા સંઘના તમામ હોદ્દેદારોએ આજરોજ કલેક્ટર તથા ગાંધીનગર ઉત્તરના ધારાસભ્યના કાર્યાલય ખાતે કર્મચારીઓની માંગણી અંગે આવેદનપત્ર આપ્યું હતું.

